# ગીધ સંરક્ષણ અભિયાન
# છેલ્લા ચાર મહિનાની પ્રવૃત્તિઓ

પક્ષી સંરક્ષણ મંડળ, ગુજરાત(BCSG) સુરત ચેપ્ટર અને નેચર કલબ સુરતે હાથ ધરેલ 'વલ્ચર કન્ઝર્વેશન પ્રોજેકટ'ને હકારાત્મક પ્રતિભાવો મળી રહયા છે. ગીધ અંગે જાગૃતિ લાવતા વિવિધ કાર્યક્રમોને કારણે હજીરા કાંઠા વિસ્તારના ઘણા ગામોમાં હવે નેચર કલબ સુરતને તુરંત બિમાર કે મૃત ગીધની જાણ કરે છે. છેલ્લા ચાર મહિનાઓ દરમિયાન થયેલી પ્રવૃત્તિઓનો સંક્ષિપ્ત અહેવાલ આ મુજબ છે.

સુરત જીલ્લામાં મોટે ભાગે હજીરા વિસ્તારના સુવાલી, જુનાગામ, રાજગરી, દામકા, હજીરા તેમજ મોરા ગામમાં સફેદ પીઠ ગીધની વસાહત જોવા મળે છે. આ ગામોમાં ગીધના સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા 'વેનીશીંગ વલ્ચર' ફિલ્મ ગુજરાતી ભાષામાં તેમજ 'ચાલો ગીધ બચાવીએ' પુસ્તક અને ટી-શર્ટ પણ બનાવવામાં આવ્યા છે જે કાર્યક્રમ દરમ્યાન આપવામાં આવે છે. આ પ્રકારના કાર્યક્રમો સુરત ઉપરાંત મહુવા, કોડિનાર, રાજુલા વગેરે વિસ્તારોની શાળાઓમાં થઈ રહયા છે. આ વિદ્યાર્થીઓને ગીધની આપણા નિવસનતંત્રમાં અગત્યતા તેમજ તેના સંરક્ષણ માટેની સમજ આપવામાં આવે છે.

ખોરાકની અછત ગીધના અસ્તિત્વ સામે એક ખતરો છે, તેમજ ગીધને મળતો ખોરાક 'ડાયકલોફેનાક' ફ્રી છે કે કેમ તે પણ એક પ્રશ્ન છે. ગીધને 'ડાયકલોફેનાક' ફ્રી ખોરાક મળી રહે તે માટે નેચર કલબ સુરતે હજીરા વિસ્તારમાં 'વલ્ચર ફીડીંગ સાઈટ' શરૂ કરી છે. આ માટે ભરવાડોની એક સભા બોલાવી તેમને ગીધની હાલની પરિસ્થિતિ તેમજ ગીધ માટેના ખોરાકની અછત વિષે તેઓને વાકેફ કર્યા તેમજ મૃત ઢોર-ઢાંખરના ખુલ્લામાં પડી રહેવાથી થતી બિમારીઓ તરફ ધ્યાન દોર્યું અને તેઓ પોતાના મરેલા ઢોરને ગીધના ખોરાક માટે આપવા સંમત થયા. મરેલા ઢોર અંગે તેઓ નેચર કલબ સુરતનો સંપર્ક કરે છે.

બીજી ધ્યાન દોરવા જેવી બાબત એ છે કે એક ચમાર(ચામડું ઉતારનાર) આ બાબતે મદદ કરવા તૈયાર હતો. મૃત ઢોરની ચમારને જાણ થતા મૃત ઢોરને ફીડીંગ સાઈટ પર લઈ જઈ તેનુ ચામડું ઉતારી ગીધને માટે મૃત ઢોર મૂકી દે છે. ભરવાડોને અમે 'ડાયકલોફેનાક'ની ગંભીર અસર અંગે જાણ કરી. આ દવા પોતાના ઢોર માટે ન વપરવાની સલાહ આપીએ છીએ અને તેના હકારાત્મક પ્રતિભાવ મળી રહયા છે.

ચોકકસ સમયાંતરે ગીધની વસ્તી ગણતરી હજીરા તેમજ દક્ષિણ ગુજરાતના ડાંગ વિસ્તારમાં કરવામાં આવે છે. સાથે-સાથે સ્વયંસેવકો મહુવા, રાજુલા, કોડિનારના ગીધો અંગે પણ સ્થાનિક સ્વયંસેવકો વડે જાપતો રાખે છે. યોગ્ય પ્રયત્નો અને ખોરાક અંગેની કાળજીને કારણે સુરતમાં ગીધની વસ્તી મોટાભાગે સ્થિર છે. અહીં બિમાર કે ઘાયલ ગીધની પૂરતી કાળજી લેવામાં આવે છે અને સ્વસ્થ થયેથી તેનો તેના માળા વસાહતવાળા વિસ્તારમાં છોડી દેવામાં આવે છે. જો કોઈ ગીધની સ્થિતિ વધુ ગંભીર માલુમ પડે, અને સારવાર અહી શકય ન હોય તો જંગલખાતાના સહયોગથી તેને જુનાગઢ લઈ જવામાં આવે છે.

સુરત જીલ્લાના પશુચિકિત્સકોને ભેગા કરી માંદા ઢોરને અપાતી 'ડાયકલોફેનાક' દવાની ગીધ પર થતી ઘાતક અસર અંગે વાકેફ કર્યા છે. બીજી તરફ 'ડાયકલોફેનાક'ની વૈકલ્પિક દવા 'મેલોકિસકેમ' કે જે પશુચિકિત્સકોના માટે ખુબ મોંઘી છે. આના ઉપાયરૂપ નેચર કલબ સુરત વૈકલ્પિક દવા ખરીદી ખુબ જ સસ્તા ભાવે પશુચિકિત્સકોને પૂરી પાડવામાં આવે છે. મહુવા, રાજુલા, કોડિનારમાં પણ આ દવા મોકલવામાં આવે છે. અત્યાર સુધી ૨૦૦૦થી વધુ 'મેલોકિસકેમ' દવાનું વિતરણ થયું છે.

આ સાથે ગુજરાતની ઘણી પાંજરાપોળને સંપર્કમાં રાખી, ઘાતક ડાયકલોફેનાક વિશે જાગૃત કરી તમને આ દવા ન વાપરી 'મેલોકિસકેમ' વાપરવાનો આગ્રહ કરીએ છીએ.

બે અઠવાડિયા પહેલા ઝાડ પરથી પડી ગયેલા ગીધના બચ્ચાને કાગડા હેરાન કરી રહયા હતા. બાબતની જાણ થતા તરત જ તેને નેચર કલબ સુરતના 'રેસકયુ સેન્ટર' પર લવવામાં આવ્યું. એ વખતે બચ્ચું ડીહાઈડ્રેટ અને નબળુ હતું. રોજીદું આશરે ૨૫૦ ગ્રામ માસ તેને ખાવા માટે આપવામાં આવતું હતું. રોજીંદી સારવાર તેમજ દેખભાળને લીધે હવે આ બચ્ચું સૂર્યસ્નાન પછી પાંખ ફફડાવી ઉડવાનો પ્રયત્ન કરતું હોવાથી એક દિવસ તેને પોતાના વિસ્તારમાં મુકત કર્યુ પરંતુ તે ઉડી ન શકયું. બે અઠવાડીયા પછી ફરીથી બીજો પ્રયત્ન કરાશે.